Date:- 19-12-2023
Divya Bhaskar, Page-11, Surat



35 કિમીના રોડ પર ડુમસ સી-ફેસથી, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, આભવા-ઉભરાટ બ્રિજ સહિતના અનેક હાઇરાઇઝ પ્રોજેક્ટના કામ શરૂ

# ડુમસ-પલસાણા રોડ પર હીરા બુર્સને કારણે દર 600 મીટરે વિકાસ પ્રોજેક્ટની હારમાળા, જમીનનો ભાવ 9 વર્ષમાં જ 3 ગણો વધી ગયો

## ડાયમંડ બુર્સ ફરતે જ 10 હજાર કરોડના બિલ્ડિંગોની ફાઈલને વિકાસ પરવાનગી

મોઈન શેખ | સુરત

હીરા બુર્સના ઉદ્ઘાટન સાથે જ સુરતની ચમક વધી છે. ડુમસથી પલસાણાને જોડતો 35 કિમીનો પથ હજીરા બેલ્ટ પછી શહેરનો સૌથી મોંઘો અને બિઝનેસ બેલ્ટ તરીકે ઉભરી આવશે. આ માર્ગ પર બુર્સની જેમ પ્રત્યેક 600 મીટરે વિકાસ પ્રોજેક્ટોની હારામાળા સર્જાઇ છે. માત્ર બુર્સની ફરતે જ 10 હજાર કરોડના ગગનચૂંબી 40થી વધુ પ્રોજેક્ટે આકાર લેવાનું શરૂ કર્યું છે, જેમાં વેસુમાં 35 ટાવર સાથેનો એક જ પ્રોજેક્ટ 1200 કરોડના ખર્ચે ખાસ ડાયમંડ ક્ષેત્ર માટે બની રહ્યો છે. આસપાસના ત્રીસેક કિમીના પટ્ટામાં પીએમ મિત્રા પાર્ક તથા આઈટી પાર્ક જેવા મેગા આયોજનો પણ થઈ રહ્યા છે.

સી.એ. બિરજુ શાહ કહે છે કે 2014-15માં જ્યારે બુર્સની જાહેરાત થઈ ત્યારે જગ્યાનો ભાવ વિંગાના 3 કરોડ હતો, જે 10 જ દિવસમાં 11 કરોડ પર પહોંચી ગયો હતો અને હાલ 7-8 કરોડ આસપાસ છે.

## બુલેટ ટ્રેન, મેટ્રો, ફ્રેઇટ કોરિડોર, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેની સાંકળને જોડતો રોડ સૌથી હોટ બિઝનેસ રૂટ બની જશે




એરપોર્ટ ઇન્ટરનેશનલ બનતા વિકાસની ગતિ તેજ | બુર્સના ઝળહળાટની સાથે ડુમસ-પલસાણા બેલ્ટ વિવિધ મેગા પ્રકલ્પોના લીધે હવે ચર્ચામાં આવ્યો છે. ડુમસ સી-ફેસથી શરૂ થતાં પ્રકલ્પો પર આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી મેટ્રો, બુલેટ ટ્રેન, ફ્રેઇટ કોરિડોર અને એક્સપ્રેસ વેની સાંકળ પણ ટચ થશે. આ બેલ્ટ પર પ્રત્યેક 600 મીટરના અંતરે આયોજન હેઠળના મેગા પ્રોજેક્ટના લીધે આ રૂટ આગામી સમયમાં સૌથી હોટ બિઝનેસ બેલ્ટ તરીકે ઉભરી આવશે.

### આભવા-ઉભરાટ બ્રિજનું નિર્માણ કાર્ય પણ શરૂ

ડુમસના દરિયા કિનારે એક તરફ જંગલ ખાતાની 23 હેક્ટર, રાજ્ય સરકારની 79 હેક્ટર અને અન્ય 34 હેક્ટર જમીન મળી કુલ 136 હેક્ટર જમીન પર 800 કરોડ રૂપિયાના ખર્ચના અંદાજ સાથે આયોજિત ઈકો ટૂરિઝમ પાર્ક બુર્સની સૌથી નજીકનો અને સૌથી મોટા પર્યટક સ્થળ તરીકે બની રહ્યો છે. ત્યારે મીંઢોળા નદી પર આભવાથી ઉભરાટને જોડવા 750 મીટરના રિવર બ્રિજનું પણ 204 કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે ડાયમંડ બુર્સની પાછળના વિસ્તારમાં કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ મહત્વાકાંક્ષી બ્રિજ સાકાર થતાં જ સુરત-ઉભરાટ વચ્ચેનું 42 કિમીનું અંતર માત્ર 12 કિમી થઈ જશે, જેથી સમય અને નાણાંની બચત થશે.

### વેસુ પટ્ટામાં 35 ટાવર સાથેનો મેગા પ્રોજેક્ટ આવશે

કોરોના સમયે તળિયે આવી ગયેલા શહેરના રિયલ એસ્ટેટમાં હાલમાં છેલ્લા કેટલાક મહિનાઓથી ધૂમ તેજી નીકળતી જોવા મળી રહી છે. ખાસ કરીને ડાયમંડ બુર્સની ફરતેની ટાઉન પ્લાનિંગ સ્કીમ સંલગ્ન વિસ્તારોમાં જ બુર્સના ટ્રેડર્સ માટે વેસુ-મગદલ્લા, વેસુ-આભવા, ડુમસ-ભીમપોર, ગવિયર-મગદલ્લા અને ભીમરાડમાં 40 પ્રોજેક્ટના નિર્માણ પાછળ 10 હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે. આ 40 પ્રોજેક્ટ પૈકી મોટા ભાગના પ્રકલ્પોની વિકાસ પરવાનગી પ્રક્રિયા પૂર્ણ થઈ છે, જેમાં વેસુ ખાતે એક બિલ્ડર ગ્રુપ દ્વારા 35 ટાવર સાથેના એક પ્રોજેક્ટ પાછળ જ આશરે 1200 કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

### સચિન-ગભેણીનાં વેર હાઉસ વેપાર ક્ષેત્રને 4 ચાંદ લગાવશે

બુર્સ પાસેના હાઈવે પર સચિન-ગભેણી પાસે કતારબંધ કંપનીઓના વેર હાઉસ પણ ચાલુ થઈ ગયા છે, જે ઓનલાઇન કારોબારના એપી સેન્ટર સમાન હોવાથી શહેરમાં દેશ-દુનિયાથી આવતા પાર્સલો પહેલાં આ વેર હાઉસોમાં આવે છે પછી એરિયા પ્રમાણે શહેરભરમાં ડિસ્ટ્રિબ્યુટ થાય છે. ખુબ જ વિશાળ જગ્યામાં પથરાયેલા વેર હાઉસના લીધે પણ આ રૂટ રોજગારી મુદ્દે જાણીતો બની ગયો છે.

### જીઆવમાં કોર્ટ, ST વર્કશોપ, પુરવઠા ગોડાઉન પણ બનશે

જીઆવ-બુડિયામાં નવી કોર્ટનું લગભગ નક્કી છે ત્યારે ડુમસ-પલસાણા રૂટ પરનો આ પ્રકલ્પ અરજદારો, પક્ષકારો સહિતના માટે ઉપયોગી બનશે. નવી કોર્ટ બિલ્ડિંગની સાથે અહીં પુરવઠા ગોડાઉન, પોલીસ સ્ટેશન, ટ્રાફિક ડિવિઝન સેક્ટર ઓફિસ અને એસ.ટી. વર્કશોપ નિર્માણ કરવાનું પણ આયોજન હોવાનું જાણવા મળ્યું છે.